

આજે ગાંધીનગર માં ચોમાસાની વિધિવત પધરામણી થઈ . થોડા ગાજવીજ સાથે સમી સાંજે વરસાદની એન્ટ્રી થઈ હતી. સમગ્ર જનજીવન ને જાણે હાશકારો મળ્યો હોય તેવું લાગતું હતું. વૃક્ષો પણ નપલવિત થઈ ગયા. કોરોના વચ્ચે ગાંધીનગર વાસીઓ એ વરસાદનું જાણે સ્વાગત કરતા હોય તેમ પોતાના ધાબા પર અગાસીમાં ભીંજાયા હતા...

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, વરસાદ આવી ગયો, તંત્રની પોલ આજનાં વરસાદમાં ખોલવી છે કે પછી રાખીશું ??

# અષાઢી બીજે પાટનગરમાં ભગવાન જગન્નાથની પ્રતિકાત્મક રથયાત્રા નીકળશે

**૩૬ વર્ષે પ્રથમવાર રથયાત્રાનો રૂટ બદલાયો : રથયાત્રામાં કોઈ શ્રદ્ધાળુ જોડાઈ નહીં શકે : માત્ર રથ ખેંચનાર ખલાસીઓ અને આરતી સમિતિના સ્વયંસેવકો જોડાશે : પંચદેવથી જલારામ ધામ જઈને પરત ફર્યા બાદ મંદિરે દિવસ દરમિયાન ભાવિકો ભગવાન દર્શન કરી શકશે : રથયાત્રામાં ભગવાનના રથ સિવાય અન્ય કોઈ વાહનો નહીં હોય**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સતત ૩૬મા વર્ષે અષાઢી બીજે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે પરંતુ આ વર્ષે આ રથયાત્રામાં શ્રદ્ધાળુઓ જોડાશે નહીં. વળી, પહેલીવાર રથયાત્રાનો રૂટ બદલાશે. જેને અગાઉના ૩૨ કિમીના લાંબા રૂટને ટૂંકાવીને માત્ર ચારેક કિમીનો જ કરી દેવામાં આવ્યો છે.

કોરોના કોવિડ - ૧૯ મહામારીના કારણે આ વર્ષે શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે કે કેમ તે અંગે શંકા - કુશંકા સેવાતી હતી જેનો આજે અંત આવ્યો છે. આજે રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલ અખબારી યાદી મુજબ પાટનગરમાં ૩૫ વર્ષ બાદ પહેલીવાર ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિર્ધારિત રૂટ કરતા અલગ રૂટ પર નીકળશે તેમજ આ રથયાત્રામાં માત્ર આરતી સમિતિના સ્વયંસેવકો જ જોડાશે. આ વર્ષે પ્રર્વતમાન સંગોજોને ધ્યાનમાં રાખીને માત્ર પ્રતિકાત્મક સ્વરૂપે રથયાત્રા યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અનુસાર સવારે ૭ કલાકે આરતી બાદ આરોગ્ય વિભાગની ગાઈડલાઈન અનુસાર સોશિયલ ડિસ્ટન્સ સાથે સ્વયંસેવકો ભગવાનના રથને ખેંચશે. રથયાત્રામાં માત્ર ભગવાનનો રથ જ હશે અન્ય કોઈ વાહનો જોડવામાં નહીં આવે તેમજ આરતી સમિતિના સ્વયંસેવકો અને રથ ખેંચનાર સ્વયંસેવકો જ રથયાત્રામાં જોડાશે.

આ વર્ષે ભગવાન જગન્નાથની રથયાત્રા પંચદેવ મંદિરથી સેક્ટર-૨૨ના શોપિંગ સેન્ટર તરફ જવાને બદલે ચ-રોડ પર ચ-૬ સર્કલ થઈને ૨૯-૩૦ના બસ સ્ટેન્ડના ખાંચામાંથી સેક્ટર-૨૯માં જલારામ ધામ ખાતે પહોંચશે. આ પછી તે જ માર્ગે ચ-૬ સર્કલ થઈને નીજ મંદિર પરત ફરશે. ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન ભાવિકો સોશિયલ ડિસ્ટન્સ અને ફરજિયાત માસ્ક સાથે ભગવાનના દર્શન કરી શકશે.

## ખૂણેખાંચરેથી

- વરસાદના આગમન સાથે જ કેરીના ભાવમાં કડાકો બોલ્યો છે. રૂ. ૮૦૦ના ભાવે વેચાતા કેરીના બોક્સનો ભાવ રૂ. ૬૦૦ થી ૭૦૦ થયા.
- વરસાદના આગમન સાથે વાતાવરણમાં પલટો જરૂર આવ્યો છે પણ વીજ વપરાશમાં હજુ કોઈ ઘટાડો થયો નથી. આ વરસાદ પ્રિ-મોન્સુન એક્ટીવીટીનો ભાગ હોવાનું નિષ્ણાંતો માની રહ્યા છે.
- ગ્રામીણ વિસ્તારમાંથી આવતા કર્મચારીઓને બસ વચ્ચે ઉભી ન રહેતી હોવાથી ખાનગી વાહનોમાં અથવા પોતાના વાહનોમાં કચેરીએ આવવું પડે છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રીવદરે વિકાસના શરૂ થયેલા કામોને લઈ તંત્રના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.
- ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માં વાસ્તુનિર્માણ સોસાયટીને લાગુ કરાયેલ કન્ટેન્મેન્ટ ઝોન હટાવવામાં આવ્યું છે. તો શ્રીનગર સેક્ટર-૨૪ના કન્ટેન્મેન્ટ ઝોનને રિવાઈઝડ કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર જિલ્લા પોલીસ વડા દ્વારા પોલીસ તંત્રમાં આજે ફેરફાર કરવામાં આવ્યા છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**



## વરસાદનું રિર્પોટિંગ કરી રહેલી મીડિયા ટીમની છત્રી પતંગની જેમ ઊડી

આજે બપોરે શહેરમાં અચાનક વા-વંટોળ સાથે આવેલા વરસાદ દરમ્યાન પવનનું જોર ખૂબ હતું. આ પવનનું જોર એટલું હતું કે ગાંધીનગરના સેક્ટર-૧૧માં અખબાર ભવનના ધાબેથી વરસાદનું વિડીયો લાઈવ પ્રસારણ કરી રહેલી એક ટીવી મીડિયા ટીમની રંગીન છત્રી પતંગની જેમ ઊડી જવા પામી હતી જે ઉડીને નજીકના એક વૃક્ષ પર એટલી ઊચાઈએ ફસાઈ ગઇ હતી કે છેવટે તેને મીડિયા ટીમે જતી કરવી પડી હતી.

# યુનિવર્સિટીની પરીક્ષા મુદ્દે એનએસયુઆઈ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા.૮

કોરોનાના કહેર વચ્ચે પણ યુનિવર્સિટીની પરીક્ષાઓ યોજવા અંગે તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે. ત્યારે આ પરીક્ષા મુદ્દે ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોરોનાને લઈ પરીક્ષા લેવાઈ નથી. આગામી માસમાં પરીક્ષા જાહેર કરાઈ છે. ત્યારે એનએસયુઆઈ દ્વારા માંગ કરાઈ છે કે તમામ વિદ્યાર્થીઓને નહી થાય. ત્યારે પરિક્ષા દરમિયાન અનેક વિદ્યાર્થીઓ કોરોનાના સંક્રમણમાં આવવાની શક્યતા નકારી શકાતી નથી. સરકારે નિર્ણય લેતા પહેલા વિદ્યાર્થીઓ તેમજ



એનએસયુઆઈએ લડત શરુ કરી છે. ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ કલેકટરને આવેદન પત્ર આપતા જણાવ્યું હતું કે હજ્જારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહેશે, ત્યારે કોરોના વિદ્યાર્થીઓને થશે તો જવાબદારી કોની..!

ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ અમિત પારેખે આ અંગે જણાવ્યું છે કે માર્કસ પ્રમોશન આપી પાસ કરી દેવામાં આવે. એનએસયુઆઈના જણાવ્યા મુજબ છેલ્લા બે માસથી વધુ સમયથી વિદ્યાર્થીઓ પોતાના વતનમાં છે. જયારે તેમના પુસ્તકો હોસ્ટેલમાં છે તેવા સમયે પરિક્ષાઓ યોજવામાં આવે તો અનેક વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બની શકે છે. ત્યારે પરીક્ષા આપવા માટે આવતો વિદ્યાર્થી કયા ઝોનમાંથી આવે છે તેની પણ જાણ શિક્ષણ સાથે સંકળાયેલા નાગરીકોનું સુચન લેવામાં આવે તો ચોકક્સ યોગ્ય માર્ગ નીકળશે. પરીક્ષા મુદ્દે એનએસયુઆઈ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું જો સરકાર આ મુદ્દે યોગ્ય નિર્ણય નહી કરે તો વિદ્યાર્થીઓના હિતમાં આંદોલન કરવાની પણ ચીમકી એનએસયુઆઈ જિલ્લા પ્રમુખ અમિત પારેખે ઉચ્ચારી છે.

# કોરોના મહામારીમાં સીઆરપીએફનું જિલ્લાના ગ્રામીણ વિસ્તારો માટે સેવાકાર્ય

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ખાતેના કેન્દ્રિય રિઝર્વ પોલીસ ફોર્સ દ્વારા જિલ્લાના ધરમપુર ગામને જનકલ્યાણ સંબંધિત સેવાઓ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોરોના મહામારીમાં સીઆરપીએફ દ્વારા આ પ્રસંગે ગ્રામજનોમાં રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્ય સીઆરપીએફના ૧૩૫ મહિલા બટાલિયન દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

કોરોના મહામારીના પગલે સીઆરપીએફ દ્વારા અમદાવાદ શહેરના કરફ્યુગ્રસ્ત વિસ્તારોમાં પ્રસંશનીય સેવાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત સીઆરપીએફના ગાંધીનગર ખાતેના ૧૩૫ મહિલા બટાલિયન યુનિટ દ્વારા જિલ્લાના ધરમપુર ગામના જરૂરિયાતમંદ વર્ગના ગ્રામજનોને મદદરૂપ થવાના હેતુસર જનકલ્યાણ વિષયક સેવાઓ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને તે અંતર્ગત ગ્રામજનોને જીવન જરુરી ચીજવસ્તુઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ બીપીએલ પરિવારોને સામગ્રી વિતરણ કરાઈ હતી તેમજ ચિલોડાના ઈન્દિરા આવાસ ખાતે ૨૫૦થી વધુ પરિવારોને સાબુ, સેનેટાઈઝર, માસ્ક તેમજ સફાઈના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે આલમપુર તથા લેકાવાડા ગામમાં પણ જીવનજરુરી સામગ્રીનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે સીઆરપીએફની ૧૩૫ મહિલા બટાલિયનના કમાન્ડેન્ટ મમતાસિંહે ગ્રામજનોને કોરોનાથી બચવા અંગેના ઉપાયોથી માહિતગાર કર્યા હતા.



## વરસાદ આવ્યો અને કપાયેલા વૃક્ષો પણ આશરો બન્યા...!!

તાજેતરમાં જ ઉજવાયેલા વિશ્વ પર્યાવરણ દિવસે સૌએ સતત કપાતા વૃક્ષો અંગે ઘણી વાતો કરી હતી અને આવી ડાહીડમરી વાતો દર વર્ષે થાય છે પરંતુ તેનું કોઈ નક્કર પરિણામ આવતું નથી ને હજુ પણ વૃક્ષ છેદનની પ્રવૃતિ અટકતી નથી. જે માનવી પ્રકૃતિ સાથે આટલી ક્રુરતાથી વર્તી રહયો છે અને ધડાધડ વૃક્ષો કાપી રહ્યો છે છતાં પ્રકૃતિ માનવીનું બાળકની જેમ જતન કરી રહી છે. આજે ગાંધીનગરમાં વરસેલા વરસદમાં એક અજબ તસવીર જોવા મળી જેમાં કપાયેલા ઝાડના લાકડા ટ્રેકટરમાં લઈને જઈ રહેલા વ્યક્તિઓ જરાક અમથો વરસાદ આવ્યો તો એનાથી બચવા લાકડાના ટ્રેક્ટર નીચે આશરો લેતા જોવા મળ્યા હતા.

# આદિવાડા ખાતે મારા પિતા પાસે ટીફીન કેમ માંગો છો કહી વેપારી પર હુમલો

ગાંધીનગર, તા.૮

આદિવાડા ખાતે કરીયાણાની દુકાન ચલાવતા વેપારીએ દુકાનમાં કામ કરતા કારીગરને જમવાનું ટીફીન આપ્યું હતું. ત્યારબાદ વેપારીએ ટીફીન કારીગર પાસે પરત માંગતા કારીગરે તેના દિકરાને ટીફીન અંગે વાત કરી હતી. જેથી કારીગરના દિકરાએ વેપારીને મારા પિતા પાસે ટીફીન કેમ માંગો છો તેમ કહીને લાકડી અને ગડદાપાટુનો માર મારી વેપારીને ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. વેપારીએ સિવિલમાં સારવાર મેળવ્યા બાદ સે-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ આદીવાડા ચાવડાવાસ ખાતે રહેતા ભગવતસિંહ ચાવડા ગામમાં ભગવતી કિરાણા સ્ટોર ચલાવે છે. સાંજના ૬ વાગ્યાના અરસામાં ફરીયાદી દુકાને હાજર હતા. તે સમયે સે-૨૮ જીઆઈડીસી શિવા હોટલની સામે રહેતો રમતુજી ઠાકોર દુકાનમાં કામ કરતો હોવાથી જમવાનું ટીફીન આપ્યું હતું. પરંતુ ટીફીન પરત ન આપતા વેપારીએ કારીગરને ટકોર કરતા રમતુજી ચાલ્યા ગયા હતા. ત્યારબાદ કાળુ ફરીયાદીની દુકાને ગયો હતો અને કહેવા લાગ્યો હતો કે મારા પિતા પાસે ટીફીન કેમ માંગો છો, તેમ કહીને ગોળાગાળી શરુ કરી દીધી હતી. ફરીયાદીએ કાળુને ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ ગયો હતો ગાળો બોલીને લાકડી વડે અને ગડદાપાટુનો માર માર્યો હતો. બુમાબુમ થતા આસપાસના નાગરીકો દોડી આવતા કાળુભાઈ રવાના થઈ ગયો હતો, અને જતા જતા કહેતો ગયો હતો કે આજે તો છોડુ છુ પણ હવે મારા પિતા પાસે ટીફીન માંગીને માથાકુટ કરશો તો જીવતા રહેવા નહી દઉં. ત્યારે ઝઘડાની જાણ થતા ફરીયાદીનો દિકરો આવી પહોંચતા સારવાર માટે લઈ ગયો હતો. બનાવ અંગે ભગવંતસિંહ ચાવડાએ ફરીયાદ નોંધાવતા સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેતરમાં કેરીઓ લેવા મુદ્દે ખેડુત પર ચાર શખ્સોનો હુમલો

ગાંધીનગર, તા.૮

દોલારાણા વાસણા ગામે ખેતરમાં રહેલા આંબાની નીચે પડેલી કેરીઓ લેવા મુદ્દે ખેડુત પર ગામના ચાર શખ્સોએ ગાળો બોલીને ધારીયા-પાઈપ જેવા હથીયાર વડે હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ દોલારાણા વાસણા ગામના ધર્મેન્દ્રસિંહ બાબુસિંહ રાઠોડ ખેતી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરીયાદી અને તેમના પિતા બાબુસિંહ રાઠોડ પોતાના ખરાવાળા ખેતરમાં સવારના સુમારે કામ કરી રહ્યા હતા. તે સમયે અમારા ખેતરમાં રહેલા આંબા પરથી પડેલી કેરીઓ ફરીયાદી તેમજ તેમના પિતા એકઠી કરી રહ્યા હતા.તે સમયે નવ વાગ્યાના સુમારે ગામના ગાભુસિંહ ઉર્ફે રાજેન્દ્રસિંહ રાઠોડ, જગદીશસિંહ રાઠોડ , ઈશ્વરસિંહ રાઠોડ, અને કૃષ્ણપાલસિંહ રાઠોડ હાથમાં ધારીયુ અને પાઈપ જેવા હથીયાર લઈને આવી પહોંચ્યા હતા અને કહ્યું હતું કે આંબા પરથી નીચે પડેલી કેરીઓ તમારે લેવાની નથી આંબો અમારો છે. જેથી ફરીયાદીના પિતાએ આંબો અમારો છે અને અમારા ખેતરમાં છે તેમ કહેતા ચારેય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલવા લાગ્યા હતા. જેથી ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ ગયેલા શખ્સોએ ફરીયાદીના પિતાને જમણા હાથના કાડા પર ધારીયુ માર્યું હતું.

જયારે પાઈપ બંન્ને પગ પર મારી હતી અને બરડાના ભાગે પણ ઈજા પહોંચાડી હતી. ઝઘડાને પગલે આસપાસના ખેતરમાંથી અન્ય ખેડુત આવી પહોંચતા વધુ મારમાંથી છોડાવ્યા હતા.જયારે જતા જતા પણ ચારેય શખ્સો કેરીઓ લેતા નહી અને સામે આવ્યા તો જાનથી મારી નાખીશુ તેમ કહી રહ્યા હતા. ઈજાને પગલે ૧૦૮ને કોલ કરતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયાં કાંડાના ભાગે ફેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પેથાપુરમાં ૪૦ લાખના કામો જનભાગીદારીથી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૮

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આજે પેથાપુરની વિવિધ સોસાયટીઓમાં જનભાગીદારીથી આર.સી.સી. અને પેવર બ્લોક લગાવવા માટે રૂ. ૪૦ લાખના વિકાસ કામોને મંજૂરી આપી છે.

રાજ્યમાં અનલોક-૧ અમલી બનતાં જ વિકાસ કામોને વેગ મળે તે માટે સરકારે આજે કેટલાક વિકાસકામોને મંજૂરીની મહોર લગાવી દીધી છે.

મુખ્યમંત્રીશ્રીએ કોરોનાના આ કામમાં પણ વિકાસની ગતિ અટકે નહિ અને આંતર માળખાકીય સુવિધા સાથોસાથ આવાસ, ઊર્જા અને ઉદ્યોગના કામો પણ ત્વરાએ હાથ ધરી રાજ્યની વિકાસયાત્રાને પૂર્વવત્ વેગવાન બનાવવા મહત્ત્વના નિર્ણયો કર્યા છે. જે પૈકી ગાંધીનગર નજીકના પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૪૦ લાખના કામોને મંજૂરી આપી છે તેનો સમાવેશ થાય છે.

**આત્મા ડાયરેક્ટરેટ એન્ડ સમેતિ**
ATMA GUJARAT
પી-૭, 'એમ' ફ્લોર, કૃષિભવન,
સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩

અત્રેની કચેરીના નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વાર્ષિક હિસાબો તૈયાર કરવા માટે ગાંધીનગર/અમદાવાદની કેટેગરી-૪માં આવતી એકાઉન્ટ ફર્મએ રૂબરૂમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૨૫/૬/૨૦૨૦ સુધીમાં મેળવી તા. ૨૯/૬/૨૦૨૦ના ૧૭.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

માહિતી/૧૯૬/૨૦-૨૧ નિયામક, સમેતિ, ગાંધીનગર